PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૨/કવા–૦૪/૧૫–૧૬/ ૫૪૬૨ તા. ૧૩/૦૬/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
નારણભાઈ લખુભાઈ ગોજીયા,
ગામ:કુવાડીયા,
તા.ખંભાળીયા
જી: દેવભુમી દ્વારકા,
મો : ૯૫૮૬૪ ૯૦૪૯૭

**વિષય :–સામાન્ય પ્રતિક્ષાયાદી યોજના હેઠળ નવુ કનેકશન મેળવવા અંગે**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૯–૦૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર : ૪૨/કવા–૦૪/૧૫–૧૬)**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ) ૦૫

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા
(૩) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલ ,પેટા વિભાગીય કચેરી,વડત્રા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૪૨/કવા–૦૪/૧૫–૧૬ | કમિટિ મીટીંગ તા.૧૬–૦૪–૧૬ | સ્થળ :–જામખંભાળીયા |
|---|---|---|

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: નારણભાઈ લખુભાઈ ગોજીયા, ગામ: કુવાડીયા

રજુઆત કરનાર : અરજદાર શ્રી નારણભાઈ લખુભાઈ ગોજીયા હાજર રહેલ હતા

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,વડત્રા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)

રજુઆત કરનાર : ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર કે.એ.કરમુર, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા

---

## : હુકમ:

ફરીયાદ : સામાન્ય પ્રતિક્ષાયાદી યોજના હેઠળ નવુ કનેકશન મેળવવા અંગે

મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ગામ કુવાડીયા ખાતે ના તેમની માલીકી ના ખેતીવાડી સર્વે નંબર : ૨૮૬ મા, રૂ.૨૦૦/– નોંધણીચાર્જ તા.૦૪–૦૨–૨૦૦૬ ના રોજ ભરપાઈ કરી અને સામાન્ય યોજના હેઠળ ની નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી નોંધાવેલ હતી. ત્યારબાદ, અરજદારે તા.૦૪–૦૨–૨૦૦૬ ના રોજ નોંધાયેલ સામાન્ય યોજના હેઠળ ની આ અરજી ને, તા.૦૪–૧૨–૧૩ ના રોજ રૂ.૫૦૦/– તબ્દીલીચાર્જ ભરપાઈ કરી અને, તત્કાલ ખેતીવાડી વીજજોડાણ યોજના હેઠળ તબ્દીલ કરાવેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ની સદર તા.૦૪–૧૨–૧૩ ની, તત્કાલ તબ્દીલી અરજી અન્વયે સ્થળ સર્વેક્ષણ કરી અને ૧૦૦ મીટરની એચ.ટી. વીજલાઈન ના ખર્ચ હેઠળ ની મંજુરી અન્વયે નુ રૂ.૯૯,૪૧૨/– નુ ભાવપત્રક, જે અરજદાર ને, પીજીવીસીએલ તરફથી તા.૦૪–૦૫–૧૪ ના રોજ અપાયેલ હતુ. જે ભાવપત્રક ની રકમ રૂ.૯૯,૪૧૨/– અરજદારે પીજીવીસીએલ મા તા.૦૩–૦૬–૧૪ ના રોજ ભરપાઈ કરી આપેલ હતુ. જેથી, પીજીવીસીએલ તરફથી, અરજદાર ના સદર નવા તત્કાલ ખેતીવાડી વીજજોડાણ ની ૧૦૦ મીટર ના અંતર વાળી એચ.ટી વીજલાઈન ઉભી કરવાની કામગીરી હાથ ધરાયેલ હતી. પરંતુ, અરજદાર શ્રી ના પડોશીઓ ની જમીન પર સદર નવી વીજલાઈન ઉભી થનાર હોવાથી, પડોશીઓએ આ વીજલાઈન ઉભી કરવા સામે વાંધો ઉઠાવેલ હતો. |
| ૧.૨ | આ બાબત ની જાણકારી અરજદાર તરફથી પીજીવીસીએલ ની કચેરી મા કરવામા આવતા, સબંધક પેટા વિભાગીય કચેરી ના જવાબદાર ઈજનેર તરફથી, અરજદાર શ્રી ના જોડાણ વાળા સ્થળ ની રૂબરૂ મુલાકાત લઈ અને, '' અરજદાર ના તત્કાલ ખેતીવાડી વીજજોડાણ માટે મંજુરી અન્વયે ની ઉભી થનાર વીજલાઈન નો રૂટ, જે વૈકલ્પીક દ્રષ્ટીએ અન્ય એવી યોગ્ય જગ્યાએથી વીજલાઈન ઉભી કરવા બાબતે ની શકયતાઓ'' ચકાસવામા આવેલ હતી. આ વૈકલ્પીક શકયતાઓ મુજબ, અરજદાર ના સદર નવા તત્કાલ ખેતીવાડી વીજજોડાણ માટે, અગાઉ મંજુર કરાયેલ ૧૦૦ મીટર ની લંબાઈ વાળુ ભાવપત્રક રદબાતલ / રીવાઈઝ કરી અને ૧૦૦ મીટર ને બદલે, ૪૮૦ મીટ રની લંબાઈ વાળુ નવુ ભાવપત્રક આપવાની બાબત, જે પીજીવીસીએલ ના જવાબદાર અધિકારીને યોગ્ય જણાયેલ હતી. આમ થવાથી, અરજદારે જે અગાઉ ૧૦૦ મીટર ની લંબાઈ વાળી વીજલાઈન નુ જે રૂ.૯૯,૪૧૨/– નુ ભાવપત્રક, જે તા.૦૩–૦૬–૧૪ ના રોજ ભરપાઈ કરેલ છે. તેમા, વૈકલ્પીક રૂટ મુજબ ની લાઈન નુ અંતર, જે વધારાના ૩૮૦ મીટર થતુ હોય, ( અગાઉ ના માપ મુજબ : ૧૦૦ મીટર વૈકલ્પીક રૂટ મુજબ : ૪૮૦ મીટર, એમ તફાવતીય ૩૮૦ મીટર) સદર ૩૮૦ મીટર ની વીજલાઈન નો વધારાનો ખર્ચ રૂ.૬૩,૨૯૬/– થતો હોય, અરજદાર ને તે મુજબ નુ – રૂ.૬૩,૨૯૬/– નુ વધારાના ખર્ચ નુ ભાવપત્રક આપવાની બાબત યોગ્ય હોય, પીજીવીસીએલ ના જવાબદાર અધિકારી તરફથી અરજદાર શ્રી ને આ મુજબ ની, સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક જાણકારી આપેલ હતી. જે મુજબ, અરજદાર ને સદર તત્કાલ જોડાણ માટે નુ અગાઉ ભરપાઈ થયેલ ખર્ચ રૂ.૯૯,૪૧૨/– તેમજ વૈકલ્પીક રૂટ મુજબ નુ ખર્ચ રૂ.૬૩,૨૯૬/– એમ કુલ આશરે રૂ. ૧,૬૨,૭૦૮/– થવા જતો હોય, અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ આ ખર્ચ આશરે, રૂ.૧,૭૫,૦૦૦/– જેવી માતબાર રકમ નો હોય, તેવો નાના અને ગરીબ પ્રકાર ના ખેડુત હોય, આવા કારણોસર, નવા ખેતીવાડી વીજજોડાણ નો આર્થીક બોજો તેમને પોસાય તેવી તેઓની આર્થિક સ્થિતી ન હોય, તેમજ, મુળ મંજુરી વાળી વીજલાઈન પણ પડોશીઓના વાંધાઓ ને કારણે ઉભી થઈ શકેલ ન હોય, પીજીવીસીએલ ની સુચનાથી, તેઓએ સદર ભાવપત્રક ની રકમ તા.૨૦–૦૭–૧૫ ના રોજ ચેક મારફત પરત મેળવી લીધેલ છે. |
| ૧.૩ | આમ, તેઓની તા.૦૪–૧૨–૧૩ ના રોજ ની તબ્દીલી અરજી વાળુ નવુ તત્કાલ ખેતીવાડી વીજજોડાણ , જેપડોશીઓના વાંધાઓને કારણે, તેમજ વાંધાઓ સામે ના વૈકલ્પીક રૂટ મુજબ ની વીજલાઈન નુ ખર્ચ પણ અસહય હોવાને કારણે, અરજદારે લાચારીવશ, સદર તત્કાલ તબ્દીલી રદબાતલ કરાવેલ છે. આમ, તેઓની તત્કાલ તબ્દીલી રદ થયેલ છે, જયારે, તેઓ શ્રી ની સામાન્ય યોજના હેઠળ ની તા.૦૪–૦૨–૨૦૦૬ ની નોંધાયેલ, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ અરજી ચાલુ રાખી, અને તેઓને તે મુજબ, તા.૦૪–૦૨–૨૦૦૬ ની સામાન્ય યોજના હેઠળ ની નવા ખેતીવાડી વીજજોડાણ ની સ્થિતી ની અરજી વાળુ, નવુ ખેતીવાડી વીજજોડાણ, જે નાના અને ગરીબ ખેડુત ન મળે તે માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) પક્ષકાર ની રજૂઆત

| | |
|---|---|
| ૨.૧ | અરજદાર શ્રી નારણભાઈ લખુભાઈ ગોજીયા એ, તેઓના ગામ કુવાડીયા ખાતે ના તેમની માલીકી ના ખેતીવાડી સર્વે નંબર : ૬૪ પૈકી ૩ મા, ૦૫ હોપાનુ નવુ સામાન્ય યોજના હેઠળ નુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી, જે રૂ.૨૦૦/– નોંધણીચાર્જ તા.૦૪–૦૨–૨૦૦૬ ના રોજ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા ભરપાઈ કરી અને નોંધાયેલ હતી. |
| ૨.૨ | ત્યારબાદ, અરજદારે સદર તા.૦૪–૦૨–૨૦૦૬ ના રોજ ની સામાન્ય યોજના હેઠળ ની નોંધાયેલ અરજી ને, જે તે સમયે પ્રવર્તમાન એવી " તત્કાલ ખેતીવાડી યોજના " હેઠળ તા.૦૪–૧૨–૧૩ ના રોજ રૂ.૫૦૦/– તબ્દીલીચાર્જ ભરપાઈ કરી અને, સદર સામાન્ય યોજના હેઠળ ની અરજી ને, તત્કાલ ખેતીવાડી યોજના મા તબ્દીલ કરાવેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી સદર તત્કાલ ખેતીવાડી વીજજોડાણ વાળી અરજી ને મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવરી લઈ અને અરજદાર શ્રી ને તા.૦૪–૦૫–૧૪ ના રોજ, મંજુરી અન્વયે ની, નવી ૧૦૦ મીટરની ઉભી થનાર એચ.ટી. વીજલાઈન ના ખર્ચ સબબ ની કુલ રકમ રૂ.૯૯,૪૧૨/– નુ ભાવપત્રક જે અરજદાર શ્રી ને તા.૦૪–૦૫–૧૪ ના રોજ આપવામા આવેલ હતુ. જે, ભાવપત્રક ની રકમ રૂ.૯૯,૪૧૨/– અરજદારે તા.૦૩–૦૬–૧૪ ના રોજ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા ભરપાઈ કરી આપેલ હતી. |
| ૨.૩ | જેથી, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ની ઉપરોક્ત મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતવાળુ, નવી ૧૦૦ મીટરની ઉભી થનાર એચ.ટી. વીજલાઈન ની મંજુરી હેઠળ ના નવા તત્કાલ ખેતીવાડી વીજજોડાણ વીજલાઈન ઉભી કરવાની કામગીરી હાથ ધરાયેલ હતી. આ ૧૦૦ મીટરની એચ.ટી. વીજલાઈન, જેના અમુક થાભલાઓ, અરજદાર શ્રી ની પોતાની જમીન પર ઉભા થનાર હતા, જ્યારે અમુક થાંભલાઓ તેમના પડોશી ની જમીન પર ઉભા થનાર હતા. અરજદાર શ્રી ને પડોશી સાથે સારા સબંધ ન હોવાના કારણોસર, મંજુર કરાયેલ એવી ૧૦૦ મીટરની ઉભી થનાર એચ.ટી. વીજલાઈન ની કામગીરી સમયે, અરજદાર શ્રી ના પડોશીએ, તેમની જમીન પર સદર વીજલાઈન ના થાંભલાઓ ઉભા કરવા સામે, વાંધો ઉઠાવેલ હતો. આવા કારણોસર, અરજદાર ના સદર મંજુર કરાયેલ નવા તત્કાલ ખેતીવાડી વીજજોડાણ માટે ની વીજલાઈન, જે તે સમયે ઉભી થઈ શકેલ ન હતી. |
| ૨.૪ | આવ વાંધાઓની બાબતો ની જાણકારી, જે અરજદારે પીજીવીસીએલ ની સબંધક કચેરી મા આપેલ હતી. અને નવી ઉભી થનાર ૧૦૦ મીટરની ઉભી થનાર એચ.ટી. વીજલાઈન નો રૂટ, બદલાવી અને જોડાણ આપવાની માંગણી કરેલ હતી. જેના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક કચેરી ના જવાબદાર અધિકારી તરફથી, અરજદાર શ્રી ના મંજુર કરાયેલ જોડાણ વાળા સ્થળ ની અને નવી ઉભી થનાર એચ.ટી. વીજલાઈન ના સ્થળ નુ, સ્થળ પર, અરજદાર શ્રી ની હાજરી મા ઉપસ્થિત રહી ને નિરીક્ષણ કરવામા આવેલ હતુ. આ નિરીક્ષણ સમયે, સબંધક પેટા વિભાગીય કચેરી ના જવાબદાર ઈજનેર ને, વાંધાવાળી ૧૦૦ મીટરની ઉભી થનાર એચ.ટી. વીજલાઈન નો રૂટ, જે બદલાવી, અને અન્ય દિશા તરફથી સદર વીજલાઈન ઉભી કરી, અને તે મુજબ, અરજદાર ના જોડાણ ને માટે વૈકલ્પીક લાઈન ઉભી થવાની તાંત્રીક શકયતાઓ જણાયેલ હતી. તાંત્રીક શકયતાઓ વાળી આ મુજબ ની ઉભી થનાર વૈકલ્પીક લાઈન ની લંબાઈ, આશરે ૪૮૦ મીટર ના માપ મુજબ ની થતી હતી. જયારે, મુળ મંજુર કરાયેલ વીજલાઈન ૧૦૦ મીટર ના માપ વાળી હતી. જેથી, જો અરજદાર આ વૈકલ્પીક વીજલાઈન ની સ્વીકૃતી આપે તો, અરજદાર ની વધારા ન ા ૩૮૦ મીટર ની લંબાઈ નુ રૂ.૬૩,૨૯૬/– નુ ખર્ચ ભોગવવાનુ રહેતુ હતુ. આ મુજબ અરજદાર ને અપાયેલ અગાઉ નુ ૧૦૦ મીટર ના માપ વાળુ રૂ.૯૯,૪૧૨/– નુ ભાવપત્રક, જે૧૦૦ મીટર ને બદલે, વધારા ના ૩૮૦ મીટર ની લંબાઈ નો ખર્ચ રૂ.૬૩,૨૯૬/– ઉમેરતા, રીવાઇઝ ભાવપત્રક આશરે રૂ.૧,૭૫,૦૦૦/– ની રકમ જેવુ થતુ હતુ. આ બાબત સબંધક પેટા વિભાગીય કચેરી ના જવાબદાર ઈજનેર તરફથી સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહી અને અરજદાર શ્રી ની હાજરી મા સંપન્ન થયેલ હતી. અને આ બાબત ની જાણકારી સબંધક પેટા વિભાગીય કચેરી ના જવાબદાર ઈજનેર તરફથી અરજદાર શ્રી ને મૌખીક પણે અપાયેલ હતી. |
| ૨.૫ | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૪ મુજબ ની વિગતે ના રીવાઇઝ ભાવપત્રક ની રકમ, જે આશરે રૂ.૧,૭૫,૦૦૦/– ની થતી હોય, અરજદાર શ્રી ને, આ રકમ ઘણી જ વિશેષતમ અને આર્થિક બોજા રૂપ જણાયેલ હોવાની બાબત અરજદાર શ્રી એ સબંધક કચેરી ના જવાબદાર અધિકારીને, સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહીને જણાવેલ હતી, આમ, અરજદારે સદર ભાવપત્રક ની રીવીઝન અન્વયે ની કુલ રકમ રૂ.૧,૭૫,૦૦૦/– જે ભરપાઈ કરવા માટે, અસમર્થ હોવાની સ્પષ્ટતા મૌખીક રીતે આપેલ હતી. આવા વિશેષતમ રકમ ના ખર્ચ હેઠળ ની બાબત, જે અરજદાર શ્રી ને મંજુર ન હોય, જેથી,અરજદારે સદર તત્કાલ યોજના હેઠળ, અગાઉ પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ તા.૦૩–૦૬–૧૪ ના રોજ ના ભાવપત્રક ની રકમ રૂ. ૯૯,૪૧૨/– રીફંડ મેળવવા માટે, અરજદારે, તા.૦૩–૦૪–૧૫ અને તા.૧૭–૦૪–૧૫ ની લેખીત અરજી ઓ આપેલ હતી. જેના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને, સદર ભાવપત્રક ની કુલ રકમ રૂ. ૯૯,૪૧૨/– માહે ની, રીફંડ આપવા પાત્ર થતી રકમ રૂ.૮૯,૪૧૪/– નો, તા.૨૦–૦૭–૧૫ ના રોજ નો ચેક આપી, અને તે મુજબ અરજદાર ને, સદર તત્કાલ તબ્દીલી અન્વયે ની મંજુરી ની ભરપાઈ થયેલ રકમ, જે અરજદાર ને પીજીવીસીએલ તરફથી પરત આપી, અને અરજદાર શ્રી ની તા.૦૪–૧૨–૧૩ ની તત્કાલ તબ્દીલી તેમજ તા.૦૪–૦૨–૦૬ ની મુળ સામાન્ય યોજના હેઠળ ની અરજી રદબાતલ કરવાની કાર્યવાહી પૂર્ણ કરાયેલ હતી. |

| | |
|---|---|
| ૨.૬ | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૫ મુજબ ની, અરજદાર શ્રી ની તા.૦૪–૧૨–૧૩ ની તત્કાલ તબ્દીલી તેમજ તા.૦૪–૦૨–૦૬ ની મુળ સામાન્ય યોજના હેઠળ ની અરજી રદબાતલ થવાની, પીજીવીસીએલ ની કાર્યવાહી સામે, હાલ અરજદારે, તેમના સદર કેઈસ મા, માત્ર તારીખ : ૦૪–૧૨–૧૩ ની તત્કાલ તબ્દીલી જ રદ કરી, તેઓની મુળ તા.૦૪–૦૨–૨૦૦૬ ની સામાન્ય યોજના હેઠળ ની અરજી, જે રદબાતલ ન કરતા, ચાલુ રાખીને, સામાન્ય યોજના હેઠળ ની તા.૦૪–૦૨–૨૦૦૬ ની અરજી અન્વયે નુ, સામાન્ય યોજના હેઠળ નુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે તેઓ શ્રી ને આપવા માટે ફોરમ સમક્ષ સવાલવાળી ફરીયાદ અરજી કરેલ છે. પરંતુ, અરજદાર ના સદર કેઈસ મા, એક વખત અરજદાર શ્રી ને તત્કાલ મંજુરી અન્વયે નુ ભાવપત્રક અપાય ચુકેલ હતુ, અને તે ભાવપત્રક ની રકમ અરજદારે, તા.૦૩–૦૬–૧૪ ના રોજ ભરપાઈ કરી આપેલ હતી. જેથી, મુળ તા.૦૪–૦૨–૨૦૦૬ ના રોજ ની અરજી અન્વયે ની તમામ પ્રક્રીયાઓ પૂર્ણ કરી અને તત્કાલ ખેતીવાડી વીજજોડાણ આપવાની કાર્યવાહી પીજીવીસીએલ તરફથી થયેલ હતી. તેમજ, અરજદારે સદર ભાવપત્રક ની રકમ પણ તા.૨૦–૦૭–૧૫ ના રોજ પરત મેળવી લીધેલ છે. જેથી, મુળ તા.૦૪–૦૨–૨૦૦૬ ના રોજ ની અરજી અન્વયે ની તબ્દીલી તા.૦૪–૧૨–૧૩ ના રોજ ની અરજી પર, તમામ પ્રકાર ની કાર્યવાહી સંપન્ન થઈ ચુકેલ હોય, આવા કારણોસર અરજદાર શ્રી ની તા.૦૪–૦૨–૨૦૦૬ ના રોજ ની મુળ અરજી પણ દફતરે થયેલ હોય, આવા સંજોગો મા અરજદાર શ્રી ની, તેમની મુળ તા.૦૪–૦૨–૨૦૦૬ ના રોજ ની, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી ચાલુ રાખી, અને તે મુજબ તેઓને સામાન્ય યોજના હેઠળ નુ નવુ ખેતીવાડી વીજજોડાણ આપવા માટે ની અરજદાર ની અરજી માન્ય રાખી શકાય નહી. |

<u>મુદદા નં.–૩ :</u> : <u>નિષ્કર્ષ</u> :

| | |
|---|---|
| ૩.૧ | ફોરમ સમક્ષ ના ફરીયાદી અરજદાર શ્રી એ, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં.૨.૧ મુજબ ની વિગતે, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી, જે તા.૦૪–૦૨–૨૦૦૬ ના રોજ પીજીવીસીએલ મા નોંધાવેલ હતી. જે અરજી ને, અરજદારે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, તા.૦૪–૧૨–૧૩ ના રોજ ની અરજદાર શ્રી ની, તત્કાલ ખેતીવાડી યોજના હેઠળ, તબ્દીલી અરજી અન્વયે નુ, તત્કાલ ખેતીવાડી જોડાણ મંજુરી અન્વયે નુ રૂ.૯૯,૪૧૨/– નુ ભાવપત્રક, જે અરજદાર શ્રી ને પીજીવીસીએલ તરફથી તા.૦૪–૦૫–૧૪ ના રોજ અપાયેલ હતુ. જે ભાવપત્રક ની રકમ અરજદારે તા.૦૩–૦૬–૧૪ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ હતી. જેથી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદદા નં.૨.૩ મુજબ ની વિગતે ની, તત્કાલ ખેતીવાડી જોડાણ મંજુરી અન્વયે ની, ૧૦૦ મીટરની એચ.ટી. વીજલાઈન ઉભી કરવાની કામગીરી હાથ ધરાયેલ હતી. પરંતુ, આ કામગીરી સામે પડોશીઓનો વાંધો હોય, અરજદાર શ્રી ની રજુઆતના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, અરજદાર શ્રી ના માંગણી મુજબ ના સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહી, અને મુદદા નં.૨.૪ મુજબ ની વિગતે ની, નવી વૈકલ્પીક રૂટ મુજબ ની લાઈન ઉભી કરવાની બાબત પીજીવીસીએલ પક્ષકાર ને જણાયેલ હતી. આ વૈકલ્પીક રૂટ મુજબ ની ઉભીથનાર વીજલાઈન, જે આશરે ૪૮૦ મીટર ના માપ મુજબ ની, પીજીવીસીએલ પક્ષકાર ને જણાયેલ હતી. આમ, વૈકલ્પીક રૂટ મુજબ ની લાઈન અને અગાઉ ની મંજુર કરાયેલ૧૦૦ મીટરની વીજલાઈન ની લંબાઈ નો તફાવત, જે ૩૮૦ મીટર પીજીવીસીએલ પક્ષકાર ને જણાયેલ હતો. જેથી, સદર તફાવતીય વધારા ની ૩૮૦ મીટર ની લંબાઈ નુ રૂ.૬૩,૨૯૬/– નુ ખર્ચ, અરજદાર શ્રી એ ભોગવવાનુ રહેતુ હતુ. આ સમજણ પીજીવીસીએલ પક્ષકાર તરફથી અરજદાર શ્રી ને મૌખીક પણે અપાયેલ હતી. આમ, વૈકલ્પીક રૂટ મુજબ ની લાઈન આનુષાંગીક રીવાઇઝ થવા પાત્ર ભાવપત્રક ની રકમ આશરે રૂ.૧,૭૫,૦૦૦/– જેવી થતી હોય, આ બાબત, અરજદાર શ્રી ને, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૫ મુજબ ની વિગતે, આર્થિક બોજા રૂપ જણાયેલ હતી. અરજદાર પક્ષકાર નાના અને આર્થિક રીતે નબળા ખેડુત હોય, તેમને માટે, રીવાઇઝ થનાર ભાવપત્રક ની રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની બાબત અસહય જણાયેલ હતી. જેથી, અરજદાર શ્રી એ, નવા તત્કાલ ખેતીવાડી વીજજોડાણ ની માંગણી જતી કરી અને પીજીવીસીએલ મા અગાઉ ભરપાઈ થયેલ ભાવપત્રક ની રકમ પીજીવીસીએલ માથી રીફંડ મેળવેલ હતી. જેથી, પીજીવીસીએલ પક્ષકારે મુદદા નં. ૨.૬ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની, તત્કાલ તબ્દીલી ની તા.૦૪–૧૨–૧૩ ના રોજ ની અરજી સાથે, તેઓ શ્રી ની સામાન્ય યોજના હેઠળ નોંધાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ ની મુળ તા.૦૪–૦૨–૨૦૦૬ ના રોજ ની અરજી પણ દફતરે કરેલ હતી. |

| | |
|---|---|
| 3.2 | અરજદાર શ્રી ને, પીજીવીસીએલ તરફથી મંજુર કરાયેલ નવા, તત્કાલ તબ્દીલી અન્વયે ની, મંજુર કરાયેલ વીજલાઈન ઉભી થવાના પડોશીઓના વાંધાઓના કારણોસર, પીજીવીસીએલ કક્ષાએથી, સદર તત્કાલ જોડાણ માટે, વૈકલ્પીક રૂટ મુજબ ની નવી ઉભી થનાર વીજલાઈન, જે આશરે રૂ.૧,૭૫,૦૦૦/– ના ખર્ચ સબબ ના રીવાઇઝ્ડ ભાવપત્રક આનુષાંગીક છે. આ બાબત ની પૂર્તતા પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં.૨.૪ મુજબ ની વિગતે કરાયેલ છે. મંજુર કરાયેલ એવા તત્કાલ જોડાણ ની માંગણી જતી કરવા પાછળ નુ, અરજદાર શ્રી નુ મુખ્ય કારણ, જે જોડાણ મેળવવા માટે ના વિશેષતમ ખર્ચ ની બાબત ના કારણોસર નુ જ છે. સામાન્ય રીતે, ખેતીવાળી હેતુ ની ઘણીજ ઓછી માત્રા ના માપ વાળી જમીન ઘરાવનાર, અને આર્થિક રીતે નબળા એવા ખેડુતો, જે તેઓ શ્રી ને, વીજકંપની તરફથી આપવામા આવતા, તત્કાલ તબ્દીલી અન્વયે ના નવા ખેતીવાડી વીજજોડાણો માટે ના ખર્ચ ના આર્થિક રીત ઉચ્ચતમ રકમ ના ભાવપત્રક ની રકમ, જે આવા સામાન્ય સ્થિતી ના અને આર્થિક રીતે નબળા ખેડુતો વીજકંપની મા ભરપાઈ કરવા માટે અશકતીમાન હોય છે. આવા કારણોસર, આવા ખેડુતો, તેઓની તત્કાલ તબ્દીલી મંજુરી અન્વયે ના નવા તત્કાલ ખેતીવાડી વીજજોડાણ માટે, વીજકંપની તરફથી આપવામા આવતા, ઉચ્ચતમ રકમ ના ભાવપત્રકો ની રકમ વીજકંપની મા ભરપાઈ કરી શકતા નથી. માત્ર આવા કારણોસર જ, આ મુજબ ના નાના અને આર્થિક રીતે નબળા ખેડુતો, જે તેઓને મંજુર કરાયેલ નવુ તત્કાલ ખેતીવાડી વીજજોડાણ લાચારીવશ જતુ કરે છે. ફરીયાદી અરજદાર નો સદર કેઈસ પણ આ બાબત ને સંપુર્ણ પણે લાગતો વળગતો અને આનુષાંગીક કેઈસ જ છે. પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એસીઈઝ/૪૦૭, તા.૨૨–૦૨–૧૧મા કરાયેલ જોગવાઈ મુજબ, જે ખેડુત અરજદારો તેઓની સામાન્ય યોજના હેઠળ નોંધાયેલ અરજી ને તત્કાલ ખેતીવાડી યોજના મા તબ્દીલ કરાવી, તત્કાલ ખેતીવાડી યોજના હેઠળ મંજુરી મેળવી, અને તત્કાલ ખેતીવાડી યોજના અન્વયે ના ભાવપત્રક ની રકમ, નિયત સમયગાળા મા કંપની મા ન ભરે તેવા સંજોગોમા, તેઓ શ્રી ની '' માત્ર તત્કાલ તબ્દીલી જ રદબાતલ'' થવા પાત્ર છે. જયારે, સામાન્ય યોજના હેઠળ ની મુળ અરજી રદબાતલ ન થતા, સામાન્ય યોજના હેઠળ ની મુળ અરજી ચાલુ રાખી, અને ક્રમ આવ્યે, સામાન્ય યોજના હેઠળ નુ નવુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે, વીજકંપની ના પ્રવર્તમાન નિયમ મુજબ હકકદાર છે. આ નિયમ ને આનુષાંગીક રહીને, અરજદાર શ્રી ની તા.૦૪–૧૨–૧૩ ના રોજ ની તત્કાલ તબ્દીલી અરજી જ રદબાતલ થવા પાત્ર છે, જયારે તેઓ શ્રી ની મુળ તા.૦૪–૦૨–૨૦૦૬ ના રોજ, રૂ.૨૦૦/– નોંધણીચાર્જ સાથે નોંધાયેલ, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી રદબાતલ થવાને પાત્ર નથી. જેથી, પીજીવીસીએલ પક્ષકારે, મુદદા નં.૨.૬ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ની મુળ તા.૦૪–૦૨–૨૦૦૬ ના રોજ ની સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે દફતરે કરવાની કાર્યવાહી કરેલ છે, તે કાર્યવાહી, વીજકંપની મા પ્રવર્તમાન એવા – નવા તત્કાલ જોડાણ સબંધક નિયમો મુજબ ની નથી. પરંતુ, નવા તત્કાલ જોડાણ સબંધક નિયમો મુજબ, અરજદાર શ્રી ની મુળ તા.૦૪–૦૨–૨૦૦૬ ના રોજ ની સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે રદબાતલ ન કરીને ચાલુ રાખવા ની બાબત, જે વીજકંપની ના નિયમાધીન યોગ્ય છે. |
| 3.3 | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની મુળ તા.૦૪–૦૨–૨૦૦૬ ના રોજ, રૂ.૨૦૦/– નોંધણીચાર્જ, જે રસીદ નંબરઃ ૬૦૦૨૧૫ થી, પીજીવીસીએલ મા ભરપાઈ કરી અને તે મુજબ અરજદારે નોંધાવેલ સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી, જે મંજુરી ની કાર્યવાહી હેઠળ ચાલુ રાખી, હાલ ના તબ્બકે, જો સદર તા.૦૪–૦૨–૨૦૦૬ ના રોજ ની નોંધાયેલ અરજી નો ક્રમ આવેલ હોય તો, અરજદાર શ્રી ને, મુળ તા.૦૪–૦૨–૨૦૦૬ ના રોજ ની નોંધાયેલ સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી અન્વયે, સામાન્ય યોજના હેઠળ નુ નવા ખેતીવાડી વીજજોડાણ આપવાની, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવી નિયમાધીન પ્રણાલીકાગત અંતર્ગત ની તમામ કાર્યવાહી, જે દિન –૨૦ મા પૂર્ણ કરી, અરજદાર શ્રી ને, દિન –૨૫ મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી નુ ભાવપત્રક, જે અરજદાર શ્રી નો સંપર્ક કરી, અને તે મુજબ તેમને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ આપવા સબબ નો, સદર કેઈસ મા પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદ્દા નં.-૪ : **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૩ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને, તેઓની મુળ તા.૦૪–૦૨–૨૦૦૬ ના રોજ ની નોંધાયેલ સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી અન્વયે, સામાન્ય યોજના હેઠળ નુ નવા ખેતીવાડી વીજજોડાણ આપવાની, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવી નિયમાધીન પ્રણાલીકાગત અંતર્ગત ની તમામ કાર્યવાહી, જે દિન –૨૦ મા પૂર્ણ કરી, અરજદાર શ્રી ને, દિન –૨૫ મા, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી નુ ભાવપત્રક – જે અરજદાર શ્રી નો સંપર્ક કરી, અને તેમની જાણકારી હેઠળ અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ આપવા સબબ નો, સદર કેઈસ મા પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, ફોરમ કમિટી તરફથી નિર્ણય કરાયેલ છે. |

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન.ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..